ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયોને જુન– ૨૦૧૦ થી મે – ૨૦૧૫ સુધી આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ.) ના અભ્યાસક્રમ માટે વધુ જોડાણ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
**ઠરાવ ક્રમાંક :– જીએયુ/૧૦૦૬/એસ.એફ.એસ./૨૪૧/છ.**
સચિવાલય, ગાંધીનગર.
તા. 28 JUL 2010 28 JUL 2010

**સંદર્ભ :–**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક :– જીએયુ/૧૦૦૬/એસએફએસ/૨૪૧/છ. તા.૨૯/૭/૦૬

(૨) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની સિન્ડિકેટની તા.૧૯/૨/૨૦૧૦ ની સભામાં કાર્યસુચિ – ૪૮ થી પસાર કરેલ ઠરાવ.

(૩) નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથીની કચેરીનો તા.૭/૬/૨૦૧૦ નો પત્ર ક્રમાંક :– યનવ/૧/૭૧૬/૧૭/૨૦૧૦/ગ.

**આમુખ :–**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયોને જુન – ૨૦૦૫ થી મે – ૨૦૧૦ સુધી આયુર્વેદાચાર્ય (બી.એ.એમ.એસ) ના અભ્યાસક્રમ માટે સંદર્ભ (૧) ના ઠરાવથી જોડાણ આપવામાં આવેલ છે. નિયામકશ્રી, ભારતીય હોમિયોપેથી પધ્ધતિની કચેરી એ સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૭/૬/૨૦૧૦ ના પત્ર બી.એ.એમ.એસ. ના અભ્યાસક્રમ માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સાથે જુન – ૨૦૧૦ થી મે – ૨૦૧૫ સુધી જોડાણ વધારવાની દરખાસ્ત કરેલ જે દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :–**

સરકારની કાળજીપુર્વકની વિચારણાને અંતે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અધિનિયમ – ૧૯૬૫ ની કલમ – ૨૭ ની પેટાકલમ – (૪) અન્વયે મળેલ સત્તા રૂએ નીચે ક્રમાંક :– ૧ થી ૮ સામે જણાવેલ આયુર્વેદ મહાવિદ્યાલયોને બેચલર ઓફ આયુર્વેદ મેડીસીન એન્ડ સર્જરી (બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્યનો અભ્યાસક્રમ ચલાવવા માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર સાથે જુન – ૨૦૧૦ થી મે – ૨૦૧૫ સુધી જોડાણ લંબાવી આપવા આથી મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી ફકરા – ૩ માં દર્શાવેલ શરતને આધીન રહેશે.

(૧) અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, અમદાવાદ.

(૨) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા.



શ્રી ઓ. હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરત.
આવક નં. 1129
તારીખ 2/8/2010

(૩) આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા.

(૪) શેઠ જી.પ્ર.આયુર્વેદ, મહાવિદ્યાલય, ભાવનગર.

(૫) ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર.

(૬) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જુનાગઢ.

(૭) શ્રી બાલા હનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય, લોદરા.

(૮) શ્રી ઓ.હી.નાઝર, આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત.

૩. ઉપરોક્ત આયુર્વેદ મહાવિદ્યાલયોએ સરકારશ્રી ધ્વારા નક્કી કરવામાં આવેલ કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ મુજબના પ્રવેશ નિયમોની જોગવાઇ પ્રમાણે પ્રવેશ ગુણવત્તાના ધોરણે આપવાનો રહેશે તથા સરકારે વખતો વખત ઠરાવેલ નિયત ટકાવારી પ્રમાણે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ ઉમેદવારો માટે તેમજ આર્થિક અને સામાજીક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે નિયત ધોરણે પ્રવેશની જગ્યાઓમાં અનામત રાખવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુનિલ સોની)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

– રજીસ્ટારશ્રી, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.
– નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથીક પધ્ધતિની કચેરી, ૧.ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– આચાર્યશ્રી, અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, અમદાવાદ.
– આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા.
– આચાર્યશ્રી, આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા.
– આચાર્યશ્રી, શેઠ જી.પ્ર.આયુર્વેદ આયુર્વેદ મહાવિદ્યાલય, ભાવનગર.
– આચાર્યશ્રી, ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર.
– આચાર્યશ્રી, સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જુનાગઢ.
– આચાર્યશ્રી, શ્રી બાલા હનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય, લોદરા.
– આચાર્યશ્રી, શ્રી ઓ.હી.નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત.
– જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, અમદાવાદ/વડોદરા/ભાવનગર/જામનગર/જુનાગઢ/મહેસાણા/સુરત.
– સિલેકટ ફાઇલ.
– નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.

D:\Bhavesh\GAU\GAU-1006-SFS-241-CHH.doc



પ્રિન્સીપાલ,
શ્રી ઓ. હી. નાઝર આયુર્વેદ કોલેજ,
સુરત - ૩૯૫૦૦૩.